**જાહેરનામું**

પોલીસ કમિશનર અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફીક/૪ /૨૦૨૧,

તા. ૧૯ /૧/૨૦૨૧

હું, સંજય શ્રીવાસ્તવ, IPS, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) તથા ગુજરાત મોટર વાહન નિયમો ૧૯૮૯ ના નિયમ ૨૦૭ અંતર્ગત મળેલી સત્તા અન્વયે અમદાવાદ શહેરમાં મેટ્રો રેલ પ્રોજેક્ટ અંતર્ગત તા.૧૨/૧/૨૦૨૧ થી તા.૩૧/૮/૨૦૨૨ સુધી ટ્રાફીક સુચારુ રીતે ચાલે અને ટ્રાફીકની કોઇ સમસ્યા ઉદભવે નહી તે હેતુસર નીચે મુજબનો રસ્તો બંધ /ડાયવર્ઝન કરવા અને નો–પાર્કિંગ ઝોન જાહેર કરવા અંગેનો હુકમ કરૂ છું.

**હુકમ :–**

અમદાવાદ શહેરમાં મેટ્રો રેલ પ્રોજેક્ટ અંતર્ગત જલારામ મંદિર રેલ્વે ક્રોસિંગ ખાતે અંડરપાસ બનાવવાની કામગીરી શરૂ કરવાની હોવાથી તા.૧૨/૦૧/૨૦૨૧ થી તા.૩૧/૦૮/૨૦૨૨ સુધી એટલે કે એક વર્ષ સાત મહીના અને ઓગણીસ દિવસ માટે કલગી ચાર રસ્તા (અ.૨૩.૦૨૦૦૯૬, રે.૭૨.૫૬૦૭૮૮) થી નવચેતન સ્કુલ ચાર રસ્તા પહેલા કચ્છી જૈન સેવા સમાજ ટ્રસ્ટની સામેના ભાગ (અ.૨૩.૦૧૬૩૧૨ ,રે.૭૨.૫૬૨૫૫૩) સુધી બેરીકેડીંગ કરી ફક્ત આજુબાજુની સોસયાટીના રહીશો અવર જવર કરી શકે તે માટે ત્રણ મીટર રસ્તો છોડી બાકીનો રસ્તો અન્ય વાહન વ્યવહાર માટે બંધ કરવામાં આવનાર છે. એટલે કે જલારામ મંદિર રેલ્વે ક્રોસિંગનો ઉપયોગ કરી પાલડી તથા કલગી ચાર રસ્તા તરફ અવર જવર કરતા તમામ પ્રકારના વાહન વ્યવહાર માટે રસ્તો બંધ રહેનાર છે.

અંડરપાસ બનવાની કામગીરી નીચે મુજબની રીતે ચાર તબક્કામાં થનાર છે. જેમાં જલારામ મંદિર રેલ્વે ક્રોસિંગના ઉત્તર ભાગે કલગી ચાર રસ્તા તથા દક્ષિણ ભાગે કચ્છી જૈન સેવા સમાજ ટ્રસ્ટ સુધી બે–બે તબક્કામાં કામગીરી કરવામાં આવનાર છે. આ કામગીરીમાં જલારામ મંદિર રેલ્વે ક્રોસિંગના ઉત્તર ભાગથી કલગી ચાર રસ્તા સુધીનો સંપુર્ણ માર્ગ તમામ તબક્કામાં સ્થાનીક રહીશો સિવાય બીજા અન્ય વાહન વ્યવહાર માટે બંધ રહેશે. પરંતુ રેલ્વે ક્રોસિંગના દક્ષિણ ભાગે જલારામ મંદિરથી કચ્છી જૈન સેવા સમાજ ટ્રસ્ટ સુધી રોડની બન્ને સાઇડ રહેતા સ્થાનીક રહીશો સિવાય બીજા અન્ય વાહન વ્યવહાર માટે તબક્કાવાર રસ્તો બંધ કરવામાં આવનાર છે.

**પહેલો તબક્કો :** તા.૧૨/૦૧/૨૦૨૧ થી તા.૨૧/૦૩/૨૦૨૧ સુધી જલારામ મંદિર રેલ્વે ક્રોસિંગના દક્ષિણ છેડા (અ.૨૩.૦૧૮૦૬૬, રે.૭૨.૫૬૧૫૪૧) થી ઋષણ ગૃહ ઉદ્યોગ નામની દુકાનના સામેના ભાગ (અ.૨૩. ૦૧૭૫૬૦ રે.૭૨.૫૬૧૭૮૭) સુધી બેરીકેડીંગ કરી રસ્તો બંધ કરવામાં આવશે.

**વૈકલ્પીક માર્ગ :–**

(૧) જલારામ મંદિર રેલ્વે ક્રોસિંગનો ઉપયોગ કરી કલગી ચાર રસ્તા થી પાલડી ચાર રસ્તા તરફ જતા રોજીંદા ટ્રાફિકે પરીમલ ગાર્ડન ચાર રસ્તા (અ.૨૩.૦૧૯૬૪૮, રે.૭૨.૫૫૭૪૬૫) થી ડાબી બાજુ વળી પરીમલ અંડરપાસ ક્રોસ કરી સુવિધા ચાર રસ્તા (અ.૨૩.૦૧૪૭૪૧, રે.૭૨.૫૫૯૧૫૮) થી ડાબી વળી ન્યુ શારદા મંદિર રોડનો ઉપયોગ કરી નવચેતન હાઇસ્કુલ સામેના ચાર રસ્તા (અ.૨૩.૦૧૬૦૪૮, રે.૭૨.૫૬૨૭૦૪) થી જમણી બાજુ પાલડી ચાર રસ્તા તરફ જવાનુ રહેશે અને પાલડીથી કલગી ચાર રસ્તા આવવા માટે પણ આ રૂટ ઉપર આવવાનુ રહેશે.

(૨) પ્રથમ તબક્કામાં ડૉ.દીલીપભાઇ પટેલ હોસ્પીટલ (અ.૨૩.૦૧૬૯૧૨, રે.૭૨.૫૬૨૧૪૩) સામેના ચાર રસ્તા ખુલ્લા રહેશે એટલે સુવિધા ચાર રસ્તાથી પ્રિતમનગર તરફ અવર જવર કરતા વાહનો તેના નિર્ધારીત રૂટ મુજબ ગૌતમબાગ રોડથી આવ–જા કરી શકશે.

**બીજો તબક્કો :** તા.૨૨/૦૩/૨૦૨૧ થી તા.૩૧/૦૮/૨૦૨૨ સુધી જલારામ મંદિર રેલ્વે ક્રોસિંગ દક્ષિણ ભાગે ઋષણ ગૃહ ઉદ્યોગ નામની દુકાનના સામેના ભાગ (અ.૨૩.૦૧૭૫૬૦, રે.૭૨.૫૬૧૭૮૭) થી કચ્છી જૈન સેવા સમાજ ટ્રસ્ટ (અ.૨૩.૦૧૬૩૧૨, રે.૭૨.૫૬૨૫૫૩) સુધી બેરીકેડીંગ કરી રસ્તો બંધ કરવામાં

આવશે. પહેલા તબક્કાના વૈકલ્પિક માર્ગ–૨ મુજબ ડૉ.દીલીપભાઇ પટેલ હોસ્પીટલ (અ.૨૩.૦૧૬૯૧૨, રે.૭૨.૫૬૨૧૪૩) સામેના ચાર રસ્તાથી પ્રિતમનગર તરફ અવર જવર કરી શકાશે નહી.

**વૈકલ્પીક માર્ગ :–**

કલગી ચાર રસ્તાથી પાલડી ચાર રસ્તા તરફ અવર જવર માટે પહેલા તબક્કાના વૈકલ્પીક માર્ગ–૧ મુજબ અવર જવર કરવાની રહેશે. પરંતુ વૈકલ્પીક માર્ગ બે મુજબ ડૉ.દીલીપભાઇ પટેલ હોસ્પીટલ (અ.૨૩.૦૧૬૯૧૨,રે.૭૨.૫૬૨૧૪૩) સામેના ચાર રસ્તાથી પ્રિતમનગર તરફથી અવર જવર કરતા રોજીંદા ટ્રાફિકે સુવિધા ચાર રસ્તાથી આવી નવચેતન સ્કુલ સામેના ચાર રસ્તાથી સીધા કચ્છી જૈન સેવા સમાજ ટ્રસ્ટની બાજુમાંથી પસાર થતા ટીપી રસ્તાનો ઉપયોગ કરી પ્રભુવન રેસીડન્સી (અ.૨૩.૦૧૬૬૦૦, રે.૭૨.૫૬૩૪૬૭) સામેથી જૈન સોસાયટી રોડ ઉપરથી અવર જવર કરવાની રહેશે.

**ત્રીજો તબક્કો :** આ તબક્કામાં તા.૧/૬/૨૦૨૧ થી તા.૨૧/૦૯/૨૦૨૧ સુધી રેલ્વે ક્રોસિંગના ઉત્તર ભાગે કલગી ચાર રસ્તા પાસે આવેલ સોફોસ હાઉસ–૨ (અ.૨૩.૦૧૯૯૫૯,રે.૭૨.૫૬૩૪૬૭) થી ડીલક્ષ કોમ્પલેક્ષ (અ.૨૩.૦૧૯૩૦૬,રે.૭૨.૫૬૧૦૫૪) સુધી કામગીરી કરવામાં આવનાર છે.

**ચોથો તબક્કો :** આ તબક્કામાં તા.૨૨/૦૯/૨૦૨૧ થી તા.૩૧/૦૮/૨૦૨૨ સુધી રેલ્વે ક્રોસિંગ ઉત્તર ભાગે ડીલક્ષ કોમ્પલેક્ષ (અ.૨૩.૦૧૯૩૦૬,રે.૭૨.૫૬૧૦૫૪) થી બેસીલ રેસીડન્સી (અ.૨૩.૦૧૮૩૬૨ ,રે.૭૨.૫૬૧૪૦૦) સુધી કામગીરી કરવામાં આવનાર છે.

ઉપર્યુક્ત ત્રીજા તથા ચોથા બન્ને તબક્કામાં આજુબાજુના રહીશોએ રોડની બન્ને બાજુ છોડવામાં આવેલ ત્રણ મીટર રોડનો ઉપયોગ કરી અવર જવર કરવાની રહેશે. તે સિવાયનો તમામ વાહન વ્યવહાર પહેલા તબક્કામાં નિર્ધારિત કરેલ વૈકલ્પીક માર્ગ–૧ મુજબ અવર જવર કરી શકશે.

તેમજ ઉપર્યુક્ત ડાયવર્ઝનવાળો સમગ્ર રૂટ 'નો–પાર્કિંગ ઝોન' રહેશે.

આ જાહેરનામુ ફાયરબ્રિગેડ, એમ્બ્યુલન્સ સેવાઓ તથા સરકારી વાહનોને કામગીરી દરમિયાન લાગુ પડશે નહિ.

આ જાહેરનામાનો અમલ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ–૩૩ ની જોગવાઇ મુજબ મહત્તમ સમય મર્યાદાને આધિન રહીને તા.૧૨/૧/૨૦૨૧ થી તા.૩૧/૮/૨૦૨૨ સુધી કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લંઘન કરનાર ઇસમ ભારતીય ફોજદારી ધારા કલમ ૧૮૮ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતાં સંયુક્ત/અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પોલીસ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારી/કર્મચારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ઇ.પી.કો. કલમ–૧૮૮ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ–૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૧૧/૧/૨૦૨૧ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

પોલીસ કમિશનર અમદાવાદ શહેર

(સંજય શ્રીવાસ્તવ)
પોલીસ કમિશનર
અમદાવાદ શહેર

તા.૧૧/૧/૨૦૨૧
અમદાવાદ શહેર

**નકલ સવિનય રવાના :**

(૧) મેનેજરશ્રી ગવર્નમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા
૨/– ગુજરાત ગર્વમેન્ટ ગેઝેટ પ્રસિધ્ધ કરવા સારૂ.

(૨) અગ્ર સચિવશ્રી, ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, સચિવાલય,ગાંધીનગર.

(૩) પોલીસ મહનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા. પોલીસ ભવન,ગાંધીનગર.

(૪) કલેકટરશ્રી,જીલ્લા કલેકટરની કચેરી, સુભાષબ્રીજ, અમદાવાદ શહેર.

(૫) અમદાવાદ રજીસ્ટ્રારશ્રી હાઇકોર્ટ,
રજીસ્ટ્રારશ્રી સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર.
રજીસ્ટ્રારશ્રી સેશન્સ કોર્ટ , અમદાવાદ શહેર
ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી અમદાવાદ શહેર.
(૬) મ્યુનિસિપલ કમિશનરશ્રી, અ.મ્યુ.કો., અમદાવાદ શહેર.
(૭) પબ્લીક પ્રોસીક્યુટરશ્રી,અમદાવાદ શહેર
(૮) સીનીયર પોલીસ પ્રોસીક્યુટરશ્રી,અમદાવાદ શહેર
(૯) માહિતી નિયામકશ્રી સચિવાલય,ગાંધીનગર (૨ નકલ)
૨/– જાણ સારૂ અને દૈનિક સમાચાર પત્રોમાં પ્રસિધ્ધ કરાવવા સારૂ.

**નકલ રવાના :–**

(૧) સંયુક્ત/અધિક પોલીસ કમિશનરશ્રી,સેકટર–૧ અને ૨, ટ્રાફીક તથા મુખ્ય મથક,વિશેષ શાખા, વહીવટ, અમદાવાદ શહેર
(૨) તમામ નાયબ પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેર.
(૩) તમામ મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓ અમદાવાદ શહેર.
(૪) જનસંપર્ક અધિકારીશ્રી કંટ્રોલ રૂમ,અમદાવાદ શહેર
૨/– જાણ સારૂ દૈનિક પત્રોમાં દુરદર્શન, આકાશવાણી ઉપર પ્રસિધ્ધ કરવા સારૂ.
(૫) તમામ પોલીસ ઇન્સ્પેકટરશ્રીઓ........................................ અમદાવાદ શહેર
૨/– જાણ સારૂ તેમજ પો.સ્ટે. વિસ્તારમાં જાહેરાત માટે અને સખત અમલ થાય તેની તકેદારી રાખવા સારૂ.
(૬) મદદનીશ પોલીસ કમિશનરશ્રી, ટ્રાફીક બ્રાન્ચ,અમદાવાદ શહેર (૮ નકલ)
૨/– ટ્રાફીક મોબાઇલ વાન મારફતે જાહેરનામાની જાહેરાત કરવા સારૂ.